# માનવીય મગજના કાર્યોને સમજવા IITGnમાં કોન્ફરન્સ યોજાઈ

## આપણી ઇન્દ્રીય વડે ભારતીય આર્કિટેક્ચરને કેવી રીતે જોઇએ છીએ તેના ફંક્શન્સ સ્ટુડન્સે જાણયા

આઈ.આઈ.ટી ગાંધીનગર ખાતે સેન્ટર ફોર કોગ્નિટિવ સાયન્સ દ્વારા એક ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ નિષ્ણાંતોએ માનવ કેવી રીતે વિચારે છે અને માનવીય મગજ કેવી રીતે કામ કરે છે તે અંગે સ્ટુડન્ટ્સને માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ પ્રસંગે આઈ.આઈ.ટી.બોમ્બેનાં ઈન્ટરેક્શન ડિઝાઈનર પ્રો. વેન્કટેશ રામાનિકમે ડેટા વિઝયુલાઈઝેશનાનો સમજવામાં જ્ઞાનતંત્ર કેવી રીતે સંકળાયેલ છે તે અંગે વાત કરી હતી. સૃષ્ટિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્ટ ડિઝાઈન અને ટેક્નોલોજીના પ્રો.નીલકંઠ છાયાએ આપણે આપણી ઈન્દ્રીય વડે ભારતીય આર્કિટેક્ચરને કેવી રીતે જોઈએ છીએ તેના પર માર્ગદર્શન આપ્યું હતું. ફિલોસોફર એસ.ભુવનેશ્વરી ભારતીય દર્શન શાસ્ત્રમાં બ્રહ્માંડના વિચાર અંગે ચર્ચા કરી હતી. જ્યારે કલાકાર સોનિયા મહેરા ચાવલાએ આર્ટ અને સાયન્સના સમન્વય અંગે સ્ટુડન્ટ્સને જ્ઞાન પુરૂં પાડયું હતું. માનવ મગજના અભ્યાસને વધુને વધુ વેગ આપવા તેમજ તેના કાર્યો સમજવા આઈ.આઈ.ટી, એન.આઈ.ડી, તેમજ આસપાસની કોલેજોના સ્ટુડન્ટ્સ અને શિક્ષકો ખાસ હાજર રહ્યાં હતાં.



**ભારતીય દર્શન શાસ્ત્રમાં બ્રહ્માંડના વિચાર અંગે પણ ચર્ચા કરાઇ**





શું તમે તમારા કુરીયરવાળાથી કંટાળી ગયા છો?
વિદેશ પાર્સલ
હવે મોકલો તમારા વિદેશના પાર્સલ ઝડપી અને સસ્તા ગેરંટી અને વીમા સાથે
યુએસએ, યુકે, યુરોપ, કેનેડા, ઓસ્ટ્રેલિયા


**Title:** Conference at IITGN to understand human mind
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/edition/53952/ahmedabad/page/17#
**Date:** 18-11-2018